ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૮(૧) હેઠળ ફરિયાદ બાબત.
ફરિયાદ નં- ફ-૦૦૬૨-૨૦૨૫

ફરિયાદી : શ્રી સતિષ આલજીભાઈ વાઘેલા
૫૪, અરવિંદ મિલ્સની ચાલી,
નરોડા રોડ, સૈજપુર બોધા, નરોડા,
તા. જી. અમદાવાદ - ૩૮૦ ૦૧૮.

વિરુધ્ધ

સામાવાળા : (૧) જાહેર માહિતી અધિકારીશ્રી
પોલીસ ઈન્સપેક્ટરશ્રી,
શહેરકોટડા પોલીસ સ્ટેશન,
અમદાવાદ શહેર, સરસપુર,
તા. જી. અમદાવાદ - ૩૮૦ ૦૧૮.

તા. ૧૯/૭/૨૦૨૫
નિખિલ ભટ્ટ , રાજય માહિતી કમિશનરશ્રી
ગુજરાત રાજય સમક્ષ

(૧) સુનાવણી તારીખ : ૨૬/૦૬/૨૦૨૫

(૨) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : | તારીખ |
|---|---|---|---|
| (૧) | નમૂના-“ક”ની અરજી | : | ૦૮/૧૦/૨૦૨૪ |
| (૨) | તબદીલ પત્ર | : | - |
| (3) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : | ૨૪/૧૦/૨૦૨૪ |
| (૪) | ફરિયાદ | : | ૦૨/૦૧/૨૦૨૫ |
| (૫) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : | ૦૨/૦૪/૨૦૨૫ |

(3) સુનાવણીમાં ઉપસ્થિતો :-

ફરિયાદી : શ્રી સતિષ આલજીભાઇ વાઘેલા ઉપસ્થિત રહેલ નથી.

સામાવાળા : (૧) જાહેર માહિતી અધિકારી અને પોલીસ ઇન્સપેકટરશ્રી, શહેરકોટડા પોલીસ સ્ટેશન, અમદાવાદ વતી શ્રી નરેન્દ્ર કુમાર મોતીલાલ વાઘેલા, હેડ કોન્સ્ટેબલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૪)આયોગ સમક્ષ રજૂ થયેલ ફરિયાદીની ટૂંકી વિગતો

જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી આપવામાં આવેલ નથી, પોલીસ સ્ટેશન દ્વારા ગેરવર્તન મોબાઇલ ફોન છીનવી લેવામાં આવેલ છે. ઇરાદાપુર્વક માહિતી છુપાવામાં આવેલ છે, તેવી રજૂઆત કરવામાં આવેલ છે.

**(૫)** <u>આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-</u>

(૫.૧) અગાઉ આયોગ ખાતે તા.૩૦/૦૫/૨૦૨૫ના રોજ સુનાવણી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં તા.૧૦/૦૬/૨૦૨૫ના રોજ નીચે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે.

*"(૧) આજરોજ આયોગ ખાતે યોજાયેલ સુનાવણીમાં વિવાદીશ્રી હાજર ન હતા. જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધિશ્રી હાજર રહ્યા હતા અને તેમની પાસે કોઈ જ ટેકનિકલ જ્ઞાન હતું નહીં. આ સંજોગોમાં તેઓએ મુદ્દતની માંગણી કરેલ હતી. આથી આજની સુનાવણી મોકૂફ રાખવામાં આવે છે.*

*(૨) દરમિયાનમાં સંબંધિત સી.સી.ટી.વી. ફૂટેજ મેળવવા માટે ટેકનિકલી જે પણ નિષ્ણાંત હોય તેની સલાહ લઈને સદર સી.સી.ટી.વી. ફૂટેજ **Retrive** કરવાની રહેશે.*

*આ સંજોગોમાં સદરહુ ફરિયાદની આગામી સુનાવણી તા.૨૬/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરવામાં આવશે."*

(૫.૨) ઉપરોક્ત વચગાળાના હુકમના અનુસંધાને આજરોજ પુનઃ સુનાવણી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં વિવાદીશ્રી હાજર રહેલ ન હતા. જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધિશ્રી હાજર રહેલ હતા.

(૫.૩) સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીના પ્રતિનિધિશ્રીએ જણાવેલ હતુ કે, સી.સી.ટી.વી. રેકોર્ડીંગ ટેક્નીકલ ફોલ્ટના કારણે ડીલીટ થઇ ગયેલ હોવાથી આપી શકાય તેમ નથી. વધુમાં આ સમયે જુના પોલીસ સ્ટેશનમાંથી નવા પોલીસ સ્ટેશનમાં તબદીલીની કાર્યવાહી ચાલતી હતી. આથી આયોગના આદેશાનુસાર ટેકનીકલ નિષ્ણાતની સલાહ લઇને સી.સી.ટી.વી. ***Retrive*** કરવા માટે પ્રયત્નો હાથ ધરેલ હતા. પરંતુ સદર સી.સી.ટી.વી. ***Retrive*** થઇ શકેલ ન હતા. આ સંજોગોમાં વિવાદીશ્રીને માહિતી આપી શકાયેલ નથી.

(૫.૪) વધુમાં જણાવવાનું કે, આયોગ ખાતે સી.સી.ટી.વી. ફુટેજ મેળવવા માટે અસંખ્ય અરજીઓ આવતી હોય છે. આજદિન સુધી આયોગના અવલોકન પ્રમાણે સી.સી.ટી.વી. ફુટેજ ભાગ્યે જ આપવામાં આવેલ છે, જે સી.સી.ટી.વી.ની જાળવણી કરવા માટે તા.૦૬/૦૫/૨૦૨૨ થી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પરિપત્ર ક્રમાંક-

વવઅ/૧૦૨૦૨૨/૧૩૬/આર.ટી.આઈ. સેલથી બહાર પાડવામાં આવેલ સૂચના મુજબ આર.ટી.આઈ.ની અરજીઓ મારફતે જરૂરી સી.સી.ટી.વી. ફૂટેજની માંગણી કરવામાં આવે ત્યારે આર.ટી.આઈ. અરજીની પ્રથમ તથા બીજી અપીલ અરજીની સુનાવણી સુધી માંગણી મુજબના સી.સી.ટી.વી. ફૂટેજની અલગ રીતે જાળવણી કરવા જણાવવામાં આવેલ છે. જેથી માહિતી પૂરી પાડવી કે નહી તે અંગે નિર્ણય લઈ શકાય.

(૫.૫) આ સંબંધે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તા.૧૫/૦૪/૨૦૨૦ અને તા.૦૯/૦૨/૨૦૨૧થી સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જેમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ પોલીસ સ્ટેશનના સી.સી.ટી.વી. ફૂટેજ આપવા સંદર્ભે નાગરિકો દ્વારા આર.ટી.આઈ. અરજી કરવામાં આવે ત્યારે તેઓને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની જોગવાઈ હેઠળ જરૂરી સી.સી.ટી.વી. ફૂટેજ પૂરા પાડવા અને જો કોઈ પણ કારણોસર સી.સી.ટી.વી. ફૂટેજ પૂરા પાડી શકાય તેમ ના હોય તો પ્રથમ અપીલ અરજી અને બીજી અપીલ અરજી બાબતે યોગ્ય નિર્ણય ન થાય ત્યા સુધી માંગવામાં આવેલ સમયગાળાના સી.સી.ટી.વી. ફૂટેજ અવશ્ય જાળવી રાખવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. આમ, છતાં પણ સદર સુચના વિરૂધ્ધ કોઇ પણ કારણ બતાવીને સી.સી.ટી.વી. ફુટેજ આપવામાં આવતા નથી, જે યોગ્ય નથી.

(૫.૬) આ સંજોગોમાં પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ ઇન્સ્પેક્ટરશ્રીને આયોગ હુકમ કરે છે કે, અગાઉ આ બાબતે જે સર્ક્યુલર બહાર પાડવામાં આવેલ છે તેનું કડક રીતે અમલીકરણ થાય તે અત્યંત જરૂરી છે અને તો જ પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. લગાવવાનો જે ઉદ્દાત હેતુ હતો તે બર આવશે.

(૫.૭) પોલીસ સ્ટેશનમાં અધિકારી/ કર્મચારી દ્વારા યેનકેન પ્રકારે કોઇ પણ કારણો આગળ ધરીને સી.સી.ટી.વી. ફુટેજ આપવામાં આવતા નથી, જે યોગ્ય નથી. આ સંજોગોમાં આયોગને નાછુટકે જવાબદારો સામે એટલે કે, જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારી સામે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨૦ નીચે દંડ અને શિક્ષાની કાર્યવાહી હાથ ધરવાની ફરજ પડશે.

(૫.૮) આ સંજોગોમાં આયોગ પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીને સુચના આપે છે કે, તેઓના અગાઉના પરિપત્રમાં આપવામાં આવેલ સુચનાઓ તમામ ક્ષેત્રિય અધિકારી/ કર્મચારીને પુનઃ પરિપત્ર કરવામાં આવે. સદર

પરિપત્રમાં ખાસ જણાવવાનું રહેશે કે, સી.સી.ટી.વી. રેકોર્ડીંગ જે દિવસે ઘટના બનેલ હોય તે ઘટનાના ૩૦ દિવસની અંદર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ અરજી દાખલ થાય તો, સંબંધિત સી.સી.ટી.વી. રેકોર્ડીંગ સાચવી રાખવાનું રહેશે અને જો સી.સી.ટી.વી. રેકોર્ડીંગ સાચવી રાખવામાં આવશે નહી તો, આયોગ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨૦ નીચે ખાતાકીય તપાસ અને દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુંમા, ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ અને Gujarat Civil Services (Discipline and Appeal) Rules-1971 નીચે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા હુકમ કરવામાં આવશે જે બાબત પણ પરિપત્રમાં ઉલ્લેખ કરવાની રહેશે. જેથી સંબંધિત કર્મચારી/ અધિકારીની સી.સી.ટી.વી. ન આપવાના કિસ્સામાં જવાબદારી નક્કી કરી શકાય.

પ્રસ્તુત બીજી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(નિખિલ ભટ્ટ)
રાજય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર.

| મુકાબલ કરનાર | પ્રમાણિત કરનાર |
| --- | --- |
| કાયદા અધિકારી<br>ગુજરાત માહિતી આયોગ<br>ગાંધીનગર | નાયબ સચિવ(વતી)<br>ગુજરાત માહિતી આયોગ<br>ગાંધીનગર |